**CR EN-6/2026**

**–: આંક–૧ નીચે હુકમ :–**

(૧) સદર ઈન્કવાયરી નામદાર કોર્ટ ધ્વારા તા.૧૩/૦૪/૨૦૨૬ ના રોજ દાખલ લેવામાં આવેલ છે. ફરીયાદ તથા ફરીયાદીનું વેરીફીકેશન વંચાણે લીધુ. સદરહુ ફરીયાદમાં ફરીયાદી ધ્વારા આરોપી અત્રેની અદાલતના જયુરીડીરીકશન બહાર રહેતા હોવાનુ જણાવવામાં આવેલ છે. જેથી નામદાર ગુજરાત હાઈકોર્ટના મોર્ડન ડેનીમ લીમીટેડ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૫ (૨) જી.એલ.આર.૧૯૮૪ ના ચુકાદા મુજબ તેમજનામદાર સુપ્રિમકોર્ટ ના સુઓ મોટો રીટ પીટીશન (ક્રિમીનલ) નં.૨/૨૦૨૦ ના તા.૧૬/૦૪/૨૦૨૧ ના ચુકાદા માં જણાવ્યા મુજબ આરોપી જયારે જયુરીડીકશન બહાર રહેતા હોઈ ત્યારે બી.એન.એસ.એસ.ની કલમ–૨૨૫ મુજબ કોર્ટ ઈન્કવાયરી કરવી જરૂરી છે. જે સંજોગોમાં ઉપરોકત ચુકાદા મુજબ સદર કેસ બી.એન.એસ.એસ.ની કલમ–૨૨૫ મુજબ ફરીયાદ કોર્ટ ઈન્કવાયરીમાં રાખવાનો હુકમ કરવામાં આવેલો.

(૨) આજરોજ ફરીયાદીના વિ.વ.શ્રીને સાંભળ્યા. રેકર્ડ વંચાણે લીધુ. આજરોજ ફરીયાદીના વિ.વ.શ્રીએ હાજર રહી મારી સમક્ષ રજુઆત કરેલ છે કે, સદર કામનો વ્યવહાર ચુડામાં બનેલ અને સદર કામના વ્યવહાર બાબતે જે ચેક આપેલ તે ચેક ચુડા તાલુકાની બેંકમાં જમા કરવામાં આવેલ છે. આમ સદર વ્યવહાર ચુડા તાલુકાની હદમાં બનેલ હોવાની રજુઆત કરવામાં આવેલ છે તેમજ તે હકીકત સોગંદ ઉપર પણ

જણાવેલી છે. અત્રેની અદાલત ધ્વારા નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદા મુજબ સદરહુ કેસ ઈન્કવાયરીમાં રાખેલો હોઈ તેમજ ફરીયાદીની રજુઆત તથા સાહેદની સોગંદ પરની જુબાની ધ્યાને લેતાં સદરહુ ફરીયાદમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના તત્વોનો સમાવેશ થતો આરોપીને નોટીસ બજતા હાજર રહેલ હોય અને તેઓની સામે ખોટો કેસ કરેલ હોવાની રજુઆત કરેલ છે તથા ફરીયાદી ધ્વારા ખોટી હકીકતો જણાવેલ છે અને કોઈ લેણું નીકળતું ન હોવાનું તથા આરોપી ધ્વારા કોઈ ચેક ફરીયાદીને  આપવામાં આવેલ ન હોવાનું જણાવેલ છે તથા કોઈ મિત્રતાના સંબંધ ન હોવાનું જણાવેલ છે. પરંતુ સદર તપાસ કેસનું રેકર્ડ જોતા તથા આરોપીપક્ષની દલીલો હાલના કેસના સંજોગો જોતા ગ્રાહય રાખી શકાય તેમ ન હોય અને પ્રથમ દર્શનીય કેસ બનતો જણાતો હોય જેથી હાલની કોર્ટ ઈન્કવાયરી પુરી કરી આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરવા જેટલો પુરાવો જણાઈ આવતો હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

➢ હાલની કોર્ટ ઈન્કવાયરી નં.૬/૨૦૨૬ મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

➢ આથી એવો હુકમ કરવામાં આવે છે કે, સદરહું ઈન્કવાયરીને ક્રિમીનલ કેસ નંબર પાડી ક્રિમીનલ કેસ રજીસ્ટરે લેવી. તેમજ **આરોપીને તા. ૧૮/૦૬/૨૦૨૬ નો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

આ હુકમ તારીખ–૦૮ મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૮–૦૬–૨૦૨૬

ચુડા.

(પ્રદિપકુમાર રામસિંહ ચંપાવત)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ચુડા.
[યુ.આઈ.સી.નં.જીજે૦૧૫૬૬]